53

અનુ.જાતિ/અનુ.જનજાતિ તથા વિચરતી
અને વિમુકત જાતિના લોકો માટેની
ગૃહનિમાર્ણ યોજનાઓમાં મકાન બાંધકામ
પૂર્ણ કરવાની મુદત અંગેની જોગવાઇ
રદ કરવા બાબત.....

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સમસ/૧૩૮૭/૨૦૦(૮૮)/અ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- ૨-૬-૮૮

વંચાણે લીધો ::-

૧. સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:-સમસ/૧૩૮૭/મ.૭૧૮/૨૫૭૦/અ.
તારીખ- ૨૨-૧૨-૮૭.

ઠરાવ ::-

આમુખમાં જણાવેલ ઠરાવની જોગવાઇ માત્ર અનુસૂચિત જાતિના લોકોને જ લાગુ પડતી હોવાથી આ લોકો જ્યારે પણ મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરે ત્યારે તેઓ લોન સહાયના છેલ્લા હપ્તાની રકમ મેળવવા પાત્ર ઠરે છે. વિચરતી અને વિમુકત જાતિના લોકો તથા અનુસૂચિત જનજાતિના લોકો પણ આ યોજના હેઠળ લાભ મેળવતા હોવાથી આમુખમાં જણાવેલ તા. ૨૨-૧૨-૮૭ ના ઠરાવની જોગવાઇ અક્ષરસ : આ લોકોને માટે પણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨/- તા. ૭/૫/૮૮ ના રોજ આદિજાતિ વિકાસ વિભાગની સંમતિ મેળવી આ ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ની. ના. મહેતા)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
૩. મહાલેખાકારશ્રી અમદાવાદ / રાજકોટ.
૪. સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
૫. સર્વે પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૬. વિભાગની 'બ' શાખા.
૭. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (૨૦ નકલ)
૮. પસંદગી ફાઇલ.